# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **ગુજરાતનો વિકાસ રાજકીય સ્થિરતાને આભારી છે. આથી જ વિકાસ વિરોધી કોંગ્રેસ ગુજરાતમાં અરાજકતા ફેલાવવા માંગે છે : નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજી.**
- **સુરત દેશ કા ગ્રોથ એન્જીન હૈ : શ્રી અરૂણ જેટલીજી.**
- **આતંકી લશ્કરનો કમાન્ડર બનનાર માત્ર બે–ત્રણ મહિનાનો જ મહેમાન હોય છે.**
- **નોટબંધીના પગલે કાશ્મીરમાં પથ્થરમારો કરનારા બેરોજગાર બન્યા છે.**
- **મન ફાવે ત્યારે કાશ્મીર બંધનું એલાન આપનારા આજે શોધ્યે જડતા નથી.**

મોદી સરકાર આવ્યા બાદ દેશની શાસન વ્યવસ્થામાં અમુલ્ય પરિવર્તન આવ્યું છે. શાંતિ, સલામતી સાથે દેશનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. ગુજરાતના વિકાસ મોડલને આજે સમગ્ર દેશ

અને દુનિયાએ સ્વીકાર્યુ છે. ગુજરાત અને દેશના વિકાસમાં સુરત સમગ્ર દેશનું ગ્રોથ એન્જીન છે. તેમ સુરત ખાતે આવેલા નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીએ જણાવ્યું હતું.

સુરત ખાતે પધારેલા નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજી આજે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના રેડિયો પર પ્રસારિત કાર્યક્રમ “મન કી બાત” અંતર્ગત ૧૬૭–સુરત (પશ્ચિમ) વિધાનસભામાં હાજર રહ્યા હતા. ત્યારબાદ નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજી તથા મહાનુભાવોએ શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરે દર્શન કરી આશિર્વાદ લીધા હતા. ત્યારબાદ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતા નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીએ જણાવ્યું કે કોંગ્રેસના શાસનમાં વર્ષ ૨૦૧૪ પહેલાની દેશની સ્થિતી અને મોદી સરકાર આવ્યા બાદની દેશની સ્થિતિમાં જમીન આસમાનનો ફર્ક પડયો છે. કોંગ્રેસના શાસનમાં હુરિર્યતના નેતાઓ મન ફાવે ત્યારે કાશ્મીર બંધનું એલાન આપી દેતા હતા, પથ્થરમારો કરતા હતા. પરંતુ મોદી સરકાર આવ્યા બાદ કાશ્મીરની સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે તો આતંકી લશ્કરનો કમાન્ડર બનનાર પણ બે–ત્રણ મહિનાનો જ મહેમાન હોય છે. ભારતીય સેના એ આતંકી લશ્કરી કમાન્ડરને આકાશ–પાતાળમાંથી શોધીને પણ ધામમાં પહોંચાડી દે છે. નોટબંધીના કારણે કાશ્મીરમાં પથ્થરબાજી કરનારા બેરોજગાર બન્યા છે. કાશ્મીર બંધનું એલાન કરનારા તો હવે શોધ્યે જડતા નથી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાદુ અંગે શ્રી જેટલીજીએ જણાવ્યું કે મોદીજીને જોવા, સાંભળવા માટે વિદેશમાં પણ એટલા મોટા પ્રમાણમાં જનમેદની ઉમટી પડે છે કે આપણને એવું જ લાગે કે જાણે હિન્દુસ્તાનમાં મોદીજીની સભા થઈ રહી હોય. મોદીજીના કારણે વિદેશમાં ભારતનું માન–સન્માન વધ્યું છે.

ગુજરાતના વિકાસ મોડલ અંગે નાણામંત્રી શ્રી જેટલીજીએ જણાવ્યું કે છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતની ભા.જ.પા. સરકારે ગુજરાતને વિશ્વના નકશા પર મુક્યું છે. ગુજરાતનો વિકાસ એ રાજકીય સ્થિરતાને આભારી છે. આથી જ વિકાસના વિરોધીઓ આ સ્થિરતાને ખત્મ કરવા માંગે છે. ગુજરાત વિરોધીઓ યેન–કોન પ્રકારે નાત–જાતના નામે સમાજને તોડીને ગુજરાતને તોડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ ગુજરાતની શાણી અને સમજુ પ્રજા આ કોંગ્રેસને ખુબ સારી રીતે સમજે છે અને એટલે જ ૨૨–૨૨ વર્ષથી કોંગ્રેસ ગુજરાતની બાહર છે અને હજી બાહર જ રહેશે.

આજના કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ. જીતેન્દ્રસિંહજી, શ્રી પરિન્દુભાઈ ભગત, શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, ૧૬૭–સુરત (પશ્ચિમ) વિધાનસભાના ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.